# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ.અરણેજ ખાતે પર્યાવણ દિવસની ઉજવણી

તા. ૫મી જૂન "વિશ્વ પર્યાવરણ દિન" તરીકે ઉજવાય છે.આણંદ કૃષિ યુનિવર્સિટિ ના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અરણેજ માં તા.૦૫/૦૬/૨૦૨૪ને બુધવારના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે કેન્દ્ર ના પરિસરમાં 'વિશ્વ પર્યાવરણ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જનમાનસમાં પર્યાવરણ પ્રશ્ને જાગૃતતા વધે - લોકો પર્યાવરણ સુરક્ષાના કાર્યમાં સહભાગી બને તે હેતુથી અત્રે કેન્દ્ર દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસ' ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકાની કુલ ૫૦ બહેનોએ હર્ષભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમ ના અવસરે કૃષક બહેનો દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્રએ વિવિધ વૃક્ષો નું રોપણ કરવામાં આવ્યું અને પર્યાવરણની જાળવણી માટે પ્રતિજ્ઞા લીધી .કેન્દ્ર ના વડા ડો. બી. એચ પંચાલ દ્વારા પર્યાવરણ નું મહત્વ સમજાવવામાં આવ્યું અને તેનું હમેશા જતન કરવા પ્રયત્નો થાય તેવા શપથ લેવડાવવ્યા હતા.કેન્દ્ર ના વૈજ્ઞાનિક શ્રીમતિ હિનાબેન ચાવડા દ્વારા પ્લાસ્ટિકનો ઉપયોગ અટકાવવા માટે પેપર માં થી બનતી બેગ બનાવવાનું નિદર્શન આપવામાં આવ્યું હતું.

કેન્દ્ર ના વૈજ્ઞાનિકશ્રીઓએ પર્યાવરણ જાળવણી પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવતા આ કાર્યક્રમ માં સક્રિયપણે ભાગ લઇ વક્તવ્ય આપ્યા હતા અને વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભાગ લીધેલ. અંતમાં સર્વે નો આભાર માની કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવેલ.








